# ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

**(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)**

સૂચના આપનાર સભ્ય:- "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

તાજેતરમાં આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજીંગ કંપનીમાં આગ લાગતાં અગ્નિશામક દળના ચાર કર્મીઓ ગંભીર રીતે દાઝી ગયેલ છે. આ કંપનીમાં અગાઉ પણ આગની દુર્ઘટનાઓ બની હોવા છતાં સંચાલકો સામે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી દ્વારા કડક પગલાં ન લેવાતાં પુન: આગ લાગતા તંત્ર સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે, તે નિવારવા અને દાઝી ગયેલ કર્મીઓને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.

મંત્રીશ્રી:- નિવેદન વહેંચ્યા મુજબ.

(આવા નિવેદન પર ચર્ચા કરવામાં આવતી નથી. પરંતુ વધુ માહિતી મેળવવાના હેતુ સારું એક કે બે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાય છે.)